# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-06-2024** **Midday : 1.20 to 1.30**
**Day : Thursday** **National News**

### આકાશવાણી સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

*******************************************************

- ✓ જી7 શીખર સંમેલનમાં ભાગ લેવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે ઇટલી જવા રવાના થશે.
- ✓ ભાજપના વરિષ્ઠ નેતા પેમા ખાંડુએ સતત ત્રીજી વાર અરૂણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પદે, જ્યારે અન્ય 11 ધારાસભ્યોએ પણ મંત્રીપદના શપથ લીધા
- ✓ જમ્મૂ અને કાશ્મીરમાં છેલ્લા 96 કલાકમાં થયેલા જુદા જુદા પાંચ હુમલામાં બે આતંકવાદીઓ ઠાર, એક જવાન શહિદ, જ્યારે 40થી વધારે નાગરિકો ઇજાગ્રસ્ત થયા.
- ✓ રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી- NTA દ્વારા NEET-UGની પ્રવેશ પરીક્ષામાં 1563 વિદ્યાર્થીઓને અપાયેલા ગ્રેસ માર્ક્સ રદ્દ કરવો નિર્ણય લેવાયો..
- ✓ કુવૈત આગ દુર્ઘટનામાં મૃત્યુઆંક વધીને 49 થયો, કેવૈત સરકારે દુર્ઘટનાના કારણોની તપાસ શરૂ કરી, રાજ્ય વિદેશમંત્રી કીર્તિ વર્ધન સિંહ કુવૈત જશે..
- ✓ T20 વિશ્વકપમાં બાંગ્લાદેશ અને નેધરલેન્ડ્સ વચ્ચે મુકાબલો, સવારે રમાયેલી મેચમાં વેસ્ટ ઈન્ડીઝે ન્યૂઝિલેન્ડ્સને 13 રનોથી હરાવી સુપર – 8માં સ્થાન મેળવ્યું..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM MODI_G7

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જી7 શિખર સંમેલનમાં ભાગ લેવા માટે ઇટલીના અપુલિયા જવા માટે આજે સાંજે રવાના થશે. થશે. નવી દિલ્હીમાં પત્રકારો સાથેની વાતચીતમાં વિદેશ સચિવ વિનય ક્વાત્રાએ જણાવ્યું કે ભારતને આ  શિખર સંમેલનમાં નિષ્ણાત દેશ તરીકે આમંત્રિત કરાયું છે.

આ સત્રમાં કૃત્રિમ બુદ્ધિમત્તા – AI, ઊર્જા, આફ્રિકા અને ભૂમધ્ય સાગર સહિતના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરાશે. શિખર સંમેલન ઉપરાંત, શ્રી મોદી જી7, દેશોના નેતાઓ ઉપરાંત ઇટલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોની સાથે દ્વિપક્ષીય બેઠક કરશે.

સતત ત્રીજી વાર કાર્યકાળ સંભાળ્યા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આ પ્રથમ વિદેશ પ્રવાસ છે.

## ARUNACHAL PRADESH CM SHAPATH

ભારતીય જનતા પક્ષના વરિષ્ઠ નેતા પેમા ખાંડુએ આજે સતત ત્રીજી વખત અરૂણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પદના શપથગ્રહણ કર્યા. ઈટાનગરના ડી.કે. કન્વેન્શન હૉલ ખાતે યોજાયેલા આ શપથગ્રહણ સમારોહમાં શ્રી ખાંડુ સાથે 11 અન્ય ધારાસભ્યોએ પણ મંત્રીપદના શપથ ગ્રહણ કર્યા. અરૂણાચલ પ્રદેશના રાજ્યપાલ સેવાનિવૃત્ત લેફ્ન્ટનન્ટ જનરલ કે.ટી. પરનાયકે મુખ્યમંત્રી અને રાજ્ય મંત્રીમંડળના અય મંત્રીઓને પદ અને ગુપ્તતાના શપત લેવડાવ્યા હતા.

રાજ્ય મંત્રીમંડળમાં ચાઉના મીન, બ્યૂરામ બાગે, ન્યાતો ડુકમ, ગેબ્રિયલ ડી વાંગશુ, વાંગકી લોવાંગ, પીડી સોના, મામા નાતુંગ, શ્રીમતી દાસાંગલુ પૂલ,બાલો રાજા, કેન્ટો જિની અને ઓજિંગ તાસિંગ મંત્રીનો સમાવેશ થાય છે. આ પ્રસંગે કેન્દ્રિયગૃહમંત્રી અમિત શાહ, આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડા, ભાજપના વરિષ્ઠ નેતા રવિશંકર પ્રસાદ, કેન્દ્રિય મંત્રી કિરેન રિજીજૂ, આસામ અને સિક્કિમના મુખ્યમંત્રી તેમ જ અરૂણાચલ પૂર્વ સંસદીય મતવિસ્તારથી ધારાસભ્ય તાપિર ગાઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, 60 સભ્ય ધરાવતી રાજ્ય વિધાનસભા ચૂંટણીમાં ભાજપે 46 બેઠક જીતી હતી.

## J&K-TERRORATTACKS

જમ્મુ અને કાશ્મીરના કઠુઆ અને રિયાસી જિલ્લામાં છેલ્લા 96 કલાકમાં પાંચ ફાયર-ફાઇટ અને હુમલાઓમાં બે આતંકવાદીઓ, એક CRPF જવાન અને નવ નાગરિકો માર્યા ગયા છે જ્યારે અન્ય ઘણા લોકો ઘાયલ થયા છે.

આકાશવાણી જમ્મુ સંવાદદાતાના અહેવાલ મુજબ સમગ્ર જમ્મુ ક્ષેત્રમાં આતંકવાદી હુમલામાં પાંચ સૈનિકો, એક વિશેષ પોલીસ અધિકારી (એસપીઓ), એક પોલીસકર્મી અને 42 નાગરિકો સહિત સાત સુરક્ષા દળોના જવાનો ઘાયલ થયા છે. કઠુઆ જિલ્લાના હીરાનગર સેક્ટરમાં સુરક્ષા દળોએ ગઈકાલે બે ભારે હથિયારોથી સજ્જ આતંકવાદીઓને પકડ્યા હતા અને એક CRPF જવાન પણ એક એન્કાઉન્ટરમાં માર્યો ગયો હતો.

## NEET UG _SC

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી – NTA દ્વારા આ વર્ષે લેવાયેલી NEET-UG 2024ની પરીક્ષાને લઈને થયેલા વિવાદ મામલે આજે સર્વોચ્ચ અદાલતમાં સુનાવણી થઈ હતી.

દરમિયાન NTA એ અદાલતને માહિતી આપી છે કે 1563 વિદ્યાર્થીઓને અપાયેલા ગ્રેસ માર્ક્સ પાછા ખેંચવાનો નિર્ણય કર્યો છે. આ તમામ વિદ્યાર્થીઓને તેમના મૂળ માર્ક્સ વિશે જાણ કરાશે, અને જો તેઓ ઇચ્છતા હોય તો તેમને પુનઃ પરીક્ષાનો વિકલ્પ પણ અપાશે. સરકારી વકીલ કનુ અગ્રવાલે અદાલત સમક્ષ આ મામલે સરકારનો પક્ષ રજૂ કર્યો હતો.

ન્યાયાધીશ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની ખંડપીઠને જણાવ્યું કે જે વિદ્યાર્થીઓ પુનહ પરીક્ષા આપવાન ઇચ્છતા હોય, તેમના 5 મેના માર્ક્સ જ અંતિમ ગણાશે. એનટીએ દ્વારા 12 જૂનના રોજ આસમગ્ર વિવાદની તપાસ માટે નિમાયેલી સમિતિએ આ નિર્ણયો લીધા છે.

## DAY KUWAIT FIRE

કુવૈતમાં આગની દુર્ઘટનાના કારણોની તપાસ શરૂ કરવામાં આવી છે. કુવૈતના ગૃહ મંત્રાલયે જાહેરાત કરી છે કે અલ-મંગફ બિલ્ડીંગમાં લાગેલી આગથી મૃત્યુ પામેલા લોકોની સંખ્યા 49 પર પહોંચી ગયી છે.

વિદેશ મંત્રી અબ્દુલ્લા અલ-યાહ્યા અને આરોગ્ય મંત્રી ડૉ. અહમદ અલ-અવધીએ ગઈ કાલે આગમાં ઘાયલ લોકોને જોવા માટે અલ-અદાન હોસ્પિટલની મુલાકાત લીધી હતી. એક અખબારી યાદીમાં

કહેવામાં આવ્યું છે કે ઘાયલોને વધુમાં વધુ આરોગ્ય સંભાળ સેવાઓ પૂરી પાડવા સરકારની પ્રતિબદ્ધતા છે. તેમણે ઘાયલો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને તેઓના ઝડપથી સ્વસ્થ થવાની પણ કામના કરી.

દરમિયાન, NORCA-ROOTS, કેરળમાં NRIsની બાબતો સાથે કામ કરતી સંસ્થાએ અકસ્માતનો ભોગ બનેલા લોકો માટે વિશેષ સહાયતા કેન્દ્રની સ્થાપના કરી છે. જેનો ટોલ ફ્રી નંબર 24 કલાક ઉપલબ્ધ છે. ભારતીયો ફોન નંબર 1800- 425 3939 પર કૉલ કરીને અને વિદેશમાંથી 0091- 8802 012 345 પર મિસ્ડ કૉલ કરીને આ માહિતી મેળવી શકે છે.

## REV. PM KUWAIT FIRE

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કુવૈતના વિદેશમંત્રી અબ્દુલ્લાહ અલી અલ-યાહા સાથે વાત કરીને, કુવૈતમાં લાગેલી આ વિશેની જાણકારી મેળવી હતી. ડૉ. જયશંકરે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે કુવૈતના અધિકારીઓએ આ વિશે લેવાઈ રહેલા પગલાંઓ વિશે માહિતી આપી હતી. સાથે જ આશ્વાસન આપ્યું કે ઘટનાની તપાસ થશે.

ઉલ્લેખનીય છે કે કુવૈતના દક્ષિણ મંગફ શહેરની એક ઇમારતમાં બુધવારે વહેલી સવારે ફાટી નીકળેલી આગમાં 40 લોકોનાં મૃત્યુ થયા હતા, જ્યારે 50થી વધુને ઇજાગ્રસ્ત થયા હતા. મૃતકોમાં કેરળના પાંચ સહિત 10 ભારતીયોનો સમાવેશ થાય છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર રસોડામાં આગ લાગી હતી અને ઝડપથી સમગ્ર ઇમારતમાં ફેલાઈ ગઈ હતી. ઇમારતમાં 195 શ્રમિકો રહેતા હતા, જેમાંથી અનેક શ્રમિકો કેરળઅને તામિલનાડુના છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટના અંગે શોક વ્યક્ત કર્યો છે. શ્રી મોદીએ જણાવ્યું છે કે, દુર્ઘટનામાં જીવ ગુમાવનારાઓનાં પરિવારજનો પ્રત્યે હું સંવેદના વ્યક્ત કરું છું. તેમણે ઇજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તે માટે પ્રાર્થના કરી હતી.

## T20 WORLDCUP CRICKET

I.C.C. ટી-20 ક્રિકેટ વિશ્વકપમાં આજે કિંગ્સટાઉનમાં બાંગ્લાદેશ અને નેધરલેન્ડ્સ વચ્ચે મેચ રમાશે.

આજે સવારે રમાયેલી મેચમાં યજમાન વેસ્ટ ઈન્ડીઝે આજે ત્રિનિદાદ ખાતે ન્યૂઝિલેન્ડને 13 રનથી હરાવી સુપર – 8માં જગ્યા બનાવી લીધી છે. પહેલા બેટિંગ કરતા વેસ્ટ ઈન્ડીઝે નવ વિકેટ ગુમાવી 149 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. શેરફેન રદરફોર્ડે 39 બૉલમાં અણનમ 68 રન બનાવ્યા. ન્યૂઝિલેન્ડ માટે ટ્રેન્ટ બૉલ્ટે ત્રણ વિકેટ લીધી. જેના જવાબમાં ન્યૂ ઝિલેન્ડની ટીમ નવ વિકેટ પર 135 રન જ બનાવી શકી. વેસ્ટ ઈન્ડીઝ માટે અલ્ઝારી જોસેફે ચાર વિકેટ અને ગુડાકેશ મોતીએ ત્રણ વિકેટ લીધી.

## SIKKIM-LANDSLINE

ઉત્તર સિક્કિમના વિવિધ ભાગો તેમજ મંગન શહેર આસપાસના વિસ્તારોમાં ગઈકાલે અવિરત થયેલા વરસાદને કારણે વિવિધ સ્થળોએ ભૂસ્ખલન થયું છે. જેમાં કેટલાકનાં મોત થયાના, જ્યારે કે મોટી સંખ્યામાં ઘરોને નુકસાન થયાના અહેવાલ છે. મુખ્યમંત્રી પ્રેમસિંહ તમાંગે ઉત્તરીય જિલ્લા વહીવટીતંત્ર, પોલીસ વિભાગ અને સંબંધિત વિભાગો સાથે વાત કર્યા બાદ રાહત અને બચાવ કામગીરી માટે સૂચનાઓ આપી છે.

શ્રી તમાંગે કહ્યું કે પીડિત અને અસરગ્રસ્ત પરિવારોને શક્ય તમામ સહાય પૂરી પાડવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

## IMD WEATHER

આગામી ચાર દિવસ દરમિયાન ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, બિહાર અને ઝારખંડમાં ગરમીનું મોજું ફરી વળવાની આગાહી છે. હવામાન વિભાગ અનુસાર ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, મધ્યપ્રદેશ, રાજસ્થાન, હિમાચલપ્રદેશ, જમ્મુ અને ઓડિશનાં કેટલાંક ભાગોમાં ભીષણ ગરમી અનુભવાઈ શકે છે. જોકે આગામી ત્રણ દિવસ દરમિયાન પૂર્વ ભારતમાં મહત્તમ તાપમાનમાં કોઈ મહત્વનો ફેરફાર નહીં થાય.

દરમિયાન, નૈઋત્યનું ચોમાસુ મહારાષ્ટ્રનાં કેટલાંક ભાગો, સમગ્ર તેલંગાણા અને છત્તીસગઢનાં કેટલાંક વધુ ભાગોમાં આગળ વધ્યું છે. હવામાન વિભાગે ઓડિશા, તટીય આંધ્રપ્રદેશ અને ઉત્તર પશ્ચિમ બંગાળનાં અખાતમાં કેટલાંક ભાગોમાં ચોમાસુ આગળ વધવાનું જણાવ્યું છે. આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન પશ્ચિમ બંગાળના પર્વતીય વિસ્તારો, સિક્કિમ અને ઉત્તર પૂર્વ ભારતમાં ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે.

## DUBAI-INDIANS PILGRIMS FOR HAJ

એક લાખ 75 હજાર ભારતીય હજયાત્રીઓ હજ યાત્રા માટે મક્કા અને મદીના પહોંચ્યા છે. અહીં પહોંચેલા લોકો માટે ભારત સરકારે ખાસ વ્યવસ્થા કરી છે. 300 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડતી હાઈ

સ્પીડ ટ્રેન દ્વારા 33 હજાર શ્રદ્ધાળુઓને જેદ્દાહથી મક્કા લઈ જનારો ભારત પહેલો દેશ બની ગયો છે.

ઇન્ડિયન હજ કમિટીમાંથી આવેલા 95 ટકા લોકોને મદીનાના મરકઝિયા વિસ્તારની હોટલોમાં રાખવામાં આવ્યા છે. અહીં તેમના નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. મહેરમ વગર આવનાર હજયાત્રીઓ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. તમામ માહિતી અને ફરિયાદો હજ સુવિધા મોબાઈલ એપ દ્વારા નોંધવામાં આવી રહી છે. પ્રથમ વખત ભારતીય હજ યાત્રીઓ માટે 24 કલાક બસ સેવાની વ્યવસ્થા કરવામાં આવી છે.